# ભરૂચના સુડી ગામે સોલાર પ્લાન્ટ શરૂ: એક વર્ષમાં ૮.૫ કરોડ યુનિટ વીજ પેદાશનો લક્ષ્યાંક

ભરૂચ, તા. ૩

સુરતના કે.પી.ગ્રુપ દ્વારા ભરૂચ-જંબુસર રોડ પર આવેલા સુડી ગામ ખાતે 'સોલારિઝમ'ના નામથી સોલાર દ્વારા વીજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ ૨૬૦ એકર જમીન પર નાંખવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન અનુરૂપ બનાવાયેલા આ પ્લાન્ટમાંથી ૫૦ મેગાવોટ્સ વીજળી ઉત્પન્ન કરાશે. ૧ મેગાવોટ્સમાં ૪૦૦૦ પેનલ બેસાડવામાં આવે છે. ૫૦ મેગાવોટ્સ થકી એક વર્ષમાં ૮.૫ કરોડ યુનિટ પેદા કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે, તેમાં સોલાર દ્વારા વીજળીની સાથોસાથ તેની નીચેની ઉપજાવ જમીનમાં ખેતી કરી ઘઉં અને વિવિધ શાકભાજીના પાક લઇ શકાશે. જેથી ખેતી લાયક જમીનનો પણ બે પ્રકારે યોગ્ય ઉપયોગ કરી શકાશે. તેથી જ આ જ વિશેષતાથી આકર્ષાયને આજે ૭ એપ્રિલને ગુરુવારના રોજ ગુજરાતના એનર્જી અને પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપાલ સેક્રેટરી એલ. ચુઆંગોએ આ પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. ચુઆંગો આ પ્રોજેક્ટથી ખબ જ પ્રભાવિત થયા છે અને તેઓ કેન્દ્ર સરકારમાં તેનો રિપોર્ટ કરશે.

કેપી ગ્રુપના ચેરમેન ફારુક પટેલે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટનો વિચાર અમને માનવીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૦૦ ગીગા વોટ્સ વીજળી પેદા કરવાના સ્વપ્ન પરથી આવ્યો છે. પણ અમે ઉપજાવ જમીનને વ્યર્થ જવા દેવા માંગતા ન હતા જેથી અમે સોલાર પેનલની જમીનનો ઉપયોગ ખેતી માટે કરવાનું શરૂ કર્યું અને અમને સફળતા મળી. અમે પ્રાથમિક તબક્કે પાંચ મેગાવોટ્સ પ્લાન્ટની જમીન પર ઘઉં ઉગાડ્યા અને તેમાં અમને સફળતા મળી. અમે ૩૦૦ ક્વીન્ટલ ઘઉંનો પાક લણ્યો. એ જ રીતે એમ થોડા વિસ્તારમાં ભીંડા, રિંગણ સહિતના શાકભાજી પણ ઉગાડી લણ્યા છે. સફળતા મળતા અમે પુરા પ્લાન્ટમાં અનાજ-શાકભાજી ઉગાડીશું અને દેશને રાહ ચિંધશું.



(તસવીર : જિજ્ઞેશ ડાંગરવાલા)

કેપી ગ્રુપના સીઓઓ એસ.હસને વધુ પ્રકાશ પાડતા કહ્યું હતું કે, ગુજરાતની વિશેષતા એ છે કે, અહીં ૩૬૫ દિવસમાંથી ૩૩૦ દિવસ સૂર્યના કિરણો મળે છે. જેથી સોલારથી વીજળી ઉત્પન્ન કરવામાં અહીંની વાતાવરણ ખૂબ પ્રતિકૂળ છે. દેશમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સોલારથી વીજળી પેદા કરવામાં સારી સ ફળતા મળી શકે છે.

## વીજળી પેદા કરવાની સાથોસાથ અનાજ અને શાકભાજી ઉગાડી શકાય એવો દેશનો પ્રથમ પ્લાન્ટ: દેશ માટે રોલ મોડલ બની શકે